R.N.I. No. MAHBIL/2020/79181

Since 1924...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 05 • ISSUE : 18 • PAGES : 40 • MUMBAI • DATE : 20TH JULY 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.



**સ્વ. પંકજભાઈ પ્રતાપભાઈ ગોવિંદજી લોડાયા**

સુથરી (મુલુંડ)

અરિહંત શરણ : તા. ૧૨.૦૭.૨૦૨૫

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

સાદગીપૂર્ણ, સરળ તથા સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા શ્રી પંકજભાઈના નિધનથી પરિવાર, જ્ઞાતિ તથા સમાજને મોટી ખોટ પડી છે.

શ્રી પંકજભાઈએ અનેક વર્ષો સુધી પ્રકાશ સમીક્ષા સમિતીના ટ્રસ્ટી તરીકે સેવા દ્વારા પોતાના જ્ઞાનનો લાભ આપી જ્ઞાતિ પ્રેમ દર્શાવ્યો હતો.

પ્રકાશ સમીક્ષાના ભૂતપૂર્વ ટ્રસ્ટી એવા શ્રી પંકજભાઈના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

**લી. પ્રકાશ સમીક્ષા સમિતી**



# હાર્દિક અભિનંદન





Congratulation

**યશ ઉન્મેશ ખોના (ભાટે)**
CA
હાલે મુંબઈ

**મિહીર ઉન્મેશ ખોના (ભાટે)**
MBA Finance
હાલે મુંબઈ

## બન્ને કુળદિપકોને શુભેચ્છા અને આશિર્વાદ

| | | |
|---|---|---|
| માતા - પિતા | : | શ્રીમતી નિત્તલ ઉન્મેશ ખોના (ભાટે)-નલિયા (ધુલિયા) |
| દાદી - દાદા | : | માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ હીરાચંદ ખોના (ભાટે) - ધુલિયા |
| નાની - નાના | : | માતુશ્રી પુષ્પાબેન દિનેશ લુઠીયા - રાયપુર |
| ફુઈ - ફુઆ | : | શ્રીમતી નીતાબેન હર્ષદ લાપસીયા - નાંદેડ |

## મોમાયા અને આણંદ પરિવારનું ગૌરવ



દેવ ગુરૂ અને વડીલોની કૃપાથી,
માતા-પિતાના માર્ગદર્શનથી અને
પોતાના પુરૂષાર્થ વડે

**ચી. હિતાંશ આશિષ મોમાયા**
વરાડિયા – તિરૂપુર અને પુના
(Standard 9th, Pune)

પુના ડિસ્ટ્રિકે એસબીઆઈ સ્કોલર
ક્વિઝમાં પ્રથમ સ્થાન મેળવ્યું

Got first prize in
**"SBI Scholar Quiz 2025"**
at Pune District Level

અને રૂા. ૫૦,૦૦૦/-નું રોકડ ઇનામ જીત્યું.

### આનંદની ક્ષણોને માણતા

| | |
|---|---|
| દાદા–દાદી | : માતુશ્રી રશ્મી બુદ્ધિધન મોમાયા, તિરૂપુર |
| વડીલ ભાઈ–ભાભી | : અ.સૌ. ભાવિની રાજીવ મોમાયા |
| માતા–પિતા | : અ.સૌ. પ્રીતિ આશિષ મોમાયા |
| નાના–નાની | : અ.સૌ. ઉમા અશોક બરોનિયા |
| ભાઈ | : દર્પણ અને સૂયશ |


SALE
25th July to 3rd August - 11am to 7pm
Offering discounts on
exclusive collection of
Kasab, Zik Kasab, Batkasab,
Aari, Pita, Parsi Resham Work,
Bandhani, Patola, Embroidered
Sarees, Chaniyacholis and more.
Sunday Open
during Sale
જ્યોતિ
Since 1976
Scan Me For Location
28, Gani Mansion, Shop No. 1, Behind
Arora Theatre, C.P. Vora Marg,
King's Circle, Matunga (E), Mumbai-400019.
8369252836/24043995

**તંત્રી સ્થાનેથી**

ગુરૂપૂર્ણિમા વિષય ઉપર હુ તંત્રીલેખ લખવાનો હતો પણ લીનાબેનનો આ લેખ ખૂબ સારો અને પ્રેરણાદાયક છે તેથી તા. ૨૦.૭.૨૦૨૫ના અંકના તંત્રીલેખમાં પ્ર.સ.ના લેખિકા શ્રીમતી લીનાબેન હીરેન લોડાયા-વડોદરાનો લેખ પ્રકાશિત છે.



**– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150**

# ઈક્કાપોલ જેવા ગુરુ બધાને મળે!!..

*શિક્ષણ તો દરેક શિક્ષક આપે છે, પણ જે શિષ્યના સર્વાંગી વિકાસ પર કામ કરે એ સાચો ગુરુ હોય છે! એવાં જ એક ગુરુ છે થાઈલેન્ડની એક ગરીબ બાળકોની* school *ના* sports coach *ઈક્કાપોલ !*

*કોણ ભૂલી શકે ૨૦૧૮માં થાઈલેન્ડમાં થયેલ ગુફા દુર્ઘટનાને!!! જૂનિયર ફૂટબોલ ટીમના બાર બાળકો અને તેમના કોચ ઈક્કાપોલને!!! કેવી રીતે એક ગુરુ પોતાના શિષ્યોને ગુફાના ઘુપ્પ અંધારામાંથી અંદરના ઉજાશ તરફ લઈ ગયો, તેમનો જીવનમાં વિશ્વાસ જાળવી રાખ્યો. કેવી રીતે ભૂલી શકાય ગુરુપૂર્ણિમાના દિવસે ઈક્કાપોલને !!! મારી જેમ ઘણા લોકો હશે જેમણે તે વખતે આ ઘટનાને લગતી* live coverage *ને* tv *પર નિયમિતપણે જોઈ હશે.*

*એક ક્ષણ કલ્પના કરો કે તમે ગુફામાં અડધા માઈલ જેટલા અંદર ફસાઈ ગયા છો. ગુફા તંગ છે, અંદર પૂરનું પાણી ભરાયું છે. અંધારું છે, ભુલભુલૈયા છે, કાદવ છે. ખાવાની કોઈ ચીજ નથી, માત્ર શ્વાસ લેવાય તેટલી હવા છે અને પ્યાસ શાંત થાય તેટલું પાણી. કદાચ આપણા પૈકી મોટા ભાગના લોકોનો તો આ વિચારથી જ સ્નાયુ કંપી ઉઠે, બ્લડ પ્રેશર વધે અને બેભાન થઈ જવાય. પણ જો કોઈ આવી પરિસ્થિતિમાં પણ ૧૮ દિવસ જીવતો રહે અને સાથે લાવેલા ૧૨ બાળકોને પણ શાંત અને ખુશ રાખવામાં સફળ થઈ જાય, તો એ ચમત્કારને તમે શું કહેશો? એને કહેશું ઈક્કાપોલ!!*

*હા, એ જ ઈક્કાપોલ – જેમણે થાઈલેન્ડના ચિઅંગ રાઈ જિલ્લાની થામ લૂઆંગ ગુફામાં વાઈલ્ડ બોર ફૂટબોલ ટીમના ૧૨ ખેલાડીઓને લઈ ગયા હતા. ૨૩ જૂને પ્રેક્ટિસ પછી પાર્ટી માટે બાળકોને ગુફામાં લઈ ગયા હતા, પણ પૂર આવ્યા અને તેઓ બધા અંદર ફસાઈ ગયા. જ્યારે બાળકો મેચ બાદ પાછા ના આવ્યા તો માતાપિતાએ મુખ્ય કોચનો સંપર્ક કર્યો. શોધખોળ દરમિયાન નેશનલ પાર્કના સ્ટાફે ગુફાની બહાર બાળકોની બાઈસિકલ જોઈ. ૯ દિવસ બાદ ખબર પડી કે બધા અંદર ફસાયેલા છે. કલ્પનાથી જ હચમચી જવાય છે કે ૨૫ વર્ષના ઈક્કાપોલએ કેવી રીતે બાળકોને જીવતા રાખ્યા?*

*કારણ કે અંદર તો દરેક ક્ષણ ભારે હતી. ફક્ત ભય, અસહાયતા અને નિરાશા હતી. થોડીવાર લાઈટ જતી રહે તો લોકો કંટાળી જાય છે. થોડા સમય માટે લિફ્ટમાં ફસાઈ જાવ તો ધમધમાટ થાય, અજાણ ભયોથી ઘેરાઈ જવાય – અને અહીં તો ૧૨ જીવ દાવ પર હતા. બધા બાળકો ૧૧થી ૧૩ વર્ષની વયના હતા, અને તેમનો કોચ ૨૫ વર્ષનો. અંદર પાણીનું તાપમાન ૨૧* C *હતું અને ઓક્સિજન પણ ઓછું હતું.*

*બહાર લોકો તો આશા છોડતા જઈ રહ્યા હતા. મત હતા કે બાળકોને તરવાનું શીખવાય અથવા તો પૂરનું પાણી ઉતરવાની રાહ જોવી પડે, જે માટે મહિના લાગી શકે. કોઈપણ બાળકને ડાઈવિંગનો અનુભવ ન હતો, ઘણા તો તરતા પણ ન હતા. ગુફા એટલી અઘરી હતી કે* Thai Navy Seal*ના એક સભ્ય સમન ગુનનનું પણ મૃત્યુ થયું – જે એક ટ્રેઈન્ડ વ્યક્તિ હતા.*

*એવા સંજોગોમાં બાળકોના મનોબળને જીવીત રાખવો સૌથી મોટો પડકાર હતો અને એ ઈક્કાપોલએ કરી બતાવ્યું. કદાચ એમના જીવનનો પણ એ જ અર્થ હતો. ઈક્કાપોલની પોતાની કહાની પણ અદ્ભૂત છે. જ્યારે તે 10 વર્ષના હતા ત્યારે બીમારીએ તેમના માતાપિતા અને ભાઈને છીનવી લીધા. તેઓ અનાથ રહ્યા. થોડાક સગાંએ સંભાળ્યા પણ પછી તેમને બૌદ્ધ મંદિર મોકલવામાં આવ્યા. ત્યાં તેમણે દાયકાઓ સુધી ધ્યાન સાધના કરી. બાદમાં દાદીનું ધ્યાન રાખવા માટે*

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ દામજી દંડ
**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
ઍડ. શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
શિલ્પાબેન અજાણી
જયંત વિશનજી છેડા
ઍડ. કેતન મધુકાંત લોડાયા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૫, અંક : ૧૮, તા. ૨૦-૦૭-૨૦૨૫**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. - **તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

મંદિરમાંથી બહાર આવ્યા. એમણે જે ભૌતિક અને ભાવનાત્મક અભાવો અનુભવ્યા હતા, એમને આ આત્માનુભવનો લાભ એમના ગરીબ શિષ્યોની લાગણીઓ સમજવામાં થયો.

બાળકો માટે એમનો પ્રેમ એટલો હતો કે તેમણે સ્કૂલના નિયમો બદલાવી દીધા. Wild Boar ટીમના મોટા ભાગના બાળકો ગરીબ કુટુંબોમાંથી છે. ઈક્કાપોલએ નક્કી કર્યું કે જે બાળક કંઈ સારું કરે તેને કપડા અને શૂઝ ભેટમાં મળે. તેઓ સ્પોન્સર શોધી રહ્યા હતા. એટલુ જ નહીં, જ્યારે બહારના લોકો એમની ટીકા કરતા હતા કે બાળકોને અંદર કેમ લઈ ગયા, ત્યારે પણ બાળકોના માતાપિતા એમના માટે સહાનુભૂતિથી જ વિચારી રહ્યા હતા. કારણ કે એમને ધ્યાનમાં હતું કે સરે એમના બાળકો માટે શું શું કર્યું છે, અને તેઓના હિતેચ્છુ જ છે.

ઈક્કાપોલે ગુફાના અંધારામાં પણ એક નવી ઉજાસવાળી દુનિયા ઊભી કરી . તેમણે બાળકોને ધ્યાન સાધનાની વિવિધ પદ્ધતિઓ શીખવી, જેના થકી તેઓ પોતાની ઊર્જા બચાવી શકે, શાંત રહી શકે અને ખુશ રહી શકે. તેમના સાધનાના પરિણામે બાળકો અતિશય કપરા સંજોગોમાં પણ શાંત રહ્યા. તેમણે પહેલો સંદેશો પણ મોકલ્યો – ચિંતા ન કરો, અમે બહાદુર છીએ. એ હિંમત ઈક્કાપોલના લીધે જ ઉદ્ભવી.

રેસ્ક્યુ ટીમ જ્યારે બાળકોને બહાર લાવી રહી હતી ત્યારે તેમને આશ્ચર્ય થયું કે કોઈ બાળક રડ્યું નહીં અથવા 'મને પહેલા લો' એવી ઉતાવળ પણ દાખવી કે કહી નહીં! બધાં શાંત અને શિસ્તબદ્ધ હતા!

દુનિયાનું આખું તત્વજ્ઞાન એક જ વાત કહે છે – આપણે જીવન અને મરણની સીમાએ ઊભા છીએ. બહાર જાય તે શ્વાસ પાછી ફરશે કે નહીં તેની ગેરંટી નથી. દરેક શ્વાસ છેલ્લો હોઈ શકે છે. છતાં આપણે જીવન જીવીએ છીએ, એ હિંમત જ આપણું સૌથી મોટું બળ છે. ઈક્કાપોલના ચમત્કારિક પ્રયત્નોએ ફરી એકવાર માનવતાની શક્તિની નવી વ્યાખ્યા આપી છે. એક ગુરુમાં રહેલા દૈવત્વનો અનુભવ કરાવ્યો છે.

અફસોસની વાત છે કે ઈક્કાપોલને બહુ પ્રસિદ્ધિ મળી નહીં. આંતરરાષ્ટ્રીય મીડિયાએ એમના પર ખાસ ધ્યાન ન આપ્યું. એટલી મહાન વ્યક્તિનો ફોટો પણ ક્યાંય નથી. મને ઈચ્છા થાય છે કે ભારત સરકાર તેમને ભારત બોલાવે, સન્માન આપે અને શિક્ષકોને એમના જેવા બનવાની પ્રેરણા આપે.

આજની દુનિયાને ઈક્કાપોલ જેવા ગુરુની જરૂર છે!!!

**– શ્રીમતી લીના હીરેન લોડાયા,**
**વરાડિયા (વડોદરા)**
Mob.: 98677 54928



## વાચકોને મુંઝવતા પ્રશ્નો તથા પ્રતિભાવો મોકલવા વિનંતી...

વાચકોને વિનંતી છે કે કાયદા, આરોગ્ય, મુડી રોકાણ તથા કરવેરા અંગેના આપને મુંઝવતા પ્રશ્નો અમને મોકલો જે આપના નામ આપ્યા વિના નિષ્ણાંતોના ઉત્તર સાથે પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થશે.

વાચકોને વાંચવા માટે સુવિધા થાય તે માટે જૂન મહિનાના અંકથી બે લીટી અને બે શબ્દોની વચ્ચેની જગ્યામાં વધારો કરેલ છે એ અંગે વાચકોના પ્રતિભાવો અપેક્ષિત છે.

ટાઈપ સેટીંગ અને પ્રિન્ટીંગમાં થયેલ સુધારા આપને ગમ્યા કે નહિં એ અંગે આપના પ્રતિભાવો અમારા માટે ઉત્સાહપ્રેરક રહેશે.

**Email : kdoprakash@gmail.com**

# કોઈપણ ફિલ્ડમાં વિશેષ યોગદાન આપનારા વિશ્વભરમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિજનોને પ્રકાશ સમીક્ષા ઍવોર્ડ આપવામાં આવશે

ક.દ.ઓ. જ્ઞાતિના વિશ્વભરમાં વસતા અનેક જ્ઞાતિજનોએ સામાજીક, રાજકીય, શૈક્ષણિક, ઔદ્યોગિક જેવા વિવિધ ક્ષેત્રોમાં નેત્રદિપક કામગીરી બજાવી જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે. તેમણે કરેલા કાર્યોને વધાવવા, બિરદાવવા તથા સન્માનવા પ્રકાશ સમીક્ષા ઍવોર્ડ સમારંભ જાન્યુઆરી - ફેબ્રુઆરી-૨૦૨૬માં આયોજીત કરવામાં આવશે. ઍવોર્ડ આપવા માટે પસંદગી સમિતીની નિમણુંક કરવામાં આવશે.

ઍવોર્ડ મેળવવા માટે યોગ્ય વ્યક્તિઓ પોતાના નામ નોંધાવી શકે છે તથા અન્ય જ્ઞાતિજનોના નામો સૂચવી શકે છે. એવોર્ડ માટે નામ સૂચવવા તથા પોતાના નામ નોંધાવવા સર્વે જ્ઞાતિજનોને વિનમ્ર વિનંતી છે. નામની સાથે જે તે જ્ઞાતિજનનું પૂરૂં નામ, ગામ, રહેઠાણ, સંપર્ક નંબર જેવી માહિતી તથા વિશેષ યોગદાનની ટૂંકી નોંધ મોકલવા વિનંતી છે.

**પ્રકાશ સમીક્ષા ઍવોર્ડ પસંદગી સમિતી દ્વારા ઍવોર્ડ માટેના નામો પસંદ કરવામાં આવશે.**

**ઉપરોક્ત ઍવોર્ડ માટે આપ પોતાનું તથા અન્ય જ્ઞાતિજનનું નામ નોંધાવી શકો છો.**

**નામ સાથે વિશેષ યોગદાન કે ઉપલબ્ધીની વિગતો મોકલવા વિનંતી**

**Email : kdoprakash@gmail.com**





# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૪૫)

(ગતાંકથી ચાલુ)



અમારી બસ હવે લખપતનાં વિશાળ ગઢ પાસે આવીને ઉભી રહી. આ ગઢને જોતાં જ 'રેફ્યુજી' ફિલ્મ યાદ આવી જેમાંથી અભિષેક બચ્ચને અભિનયનાં ઓજસ પાથરેલા.

લખપતનો ઈતિહાસ તપાસીએ તો આ એક વિશાળ બંદર હતું, જ્યાંથી લાખો પોઠો દરિયા માર્ગે દેશ-વિદેશ જતી. અને તેથી જ કદાચ આ સ્થળનું નામ લખ+પત પડ્યું. સિંધુ નદીનાં વહેણ અહિંથી દેશલપર-ગુંથલી થઈ આગળ જતાં. અહિંથી સિંધુ ચોખા (લાલ ચોખા) પરદેશ રવાના થતાં. એમ કહેવાય છે કે દરિયાઈ વેપારથી ૧,૦૦,૦૦૦ 'કોરી' તે જમાનાનું કચ્છી નાણું અહીંના વેપારી કમાતા.

લગભગ ૬૦ વર્ષ ઉપરનાં વડીલ વાચકોને કચ્છમાં મળતા સિંધુ ચોખા યાદ જ હશે. શું એની સોડમ, શું એનો સ્વાદ, અરે પડોશીનાં ઘરમાં રંધાય અને સુવાસ આપણા ઘરમાં મઘમઘે.

ફતેહ મોહમદે ૧૮મી સદીમાં આ જગ્યા પર વિશાળ ગઢ (ઉપરનો ફોટો) બાંધેલ ૧૮૦૪માં લખપતનાં ગામજનો ફતેહ મહમદ સામે બળવો કરેલ જ્યારે તેણે કચ્છનાં રાવ સામે અપશબ્દો વાપરેલ. ઈ.સ. ૧૮૧૮માં લખપતની જનસંખ્યા લગભગ ૧૫૦૦૦ હતી પણ આજે તે વેરાન છે. ફક્ત શીખ ભાઈઓના ગુરુદ્વારાનાં કારણે થોડીક વસ્તી દેખાય છે.

અમારા બધા યાત્રિકોને લખપત કિલ્લો પર ચડવાનું મેં આમંત્રણ આપ્યું. ગઢની રાંગ એટલી વિશાળ છે કે એના ઉપર બે બળદગાડી એક સાથે જઈ શકે. ગઢ ઉપર જો બહારથી દુશ્મન ચડી આવે તો ઠેક-ઠેકાણે રાંગ ઉપર તોપ ગોઠવવાની વ્યવસ્થા છે.

ઈ.સ. ૧૮૧૯માં વિશાળ ધરતીકંપ આવવાથી અલ્લાહબંધ પાસેથી સિંધુ નદીના ફાંટા પડી ગયા અને પાકિસ્તાન તરફ નદીના વહેણ ફંટાઈ ગયા. સિંધુ નદી ઉપર પાકિસ્તાનમાં તરબેલા ડેમ ખૈબર પખ્તુનવાલા પ્રદેશમાં આવેલ છે અને પાકિસ્તાનની જીવાદોરી સમાન છે.

ગઢની અંદર જ રામકૃષ્ણનું મંદિર આવેલ છે. યાત્રિકોને દર્શન કરાવવા અમે તે તરફ આગળ વધ્યા. ઘોષ મોહમદનો



કુવો જોઈ હાથ-પગ ધોઈ ગુરુદ્વારામાં જઈ લંગરખાનામાં 'વાહે ગુરુ કી ફતેહ'નો નાદ લગાડી રોટી અને ચણા મસાલાની જ્યાફત ઉડાવી. શીખ ધર્મની સ્થાપના ગુરુનાનકજીએ (૧૪૬૯-૧૫૩૯)માં કરેલ.

બસ હવે લખપતનાં કિલ્લાની વિદાય લેતાં કવિ તેજનો એક મુક્તક યાદ આવે છે.

**''ગૈધરે ચ્યાં અસીં ઈમારત
નીઢું બધબો, સે સોણી કરેને,
'તેજ' ખનેર ખેલી પ્યા.''**

લખપતને આંખોમાં ભરી અમારી બસ આગળ વધી. રમજુએ કહ્યું કે હવે એવા પીર-ઓલિયાની દરગાહ પર જઈ રહ્યા છીએ કે સાચા દિલથી જે માંગશો એ બધું જ મળશે.'' અમારા યાત્રિકોને વધુ માહિતી મળે એટલે રમજુને પોરસાવતા મેં હાજીપીરની વિગતવાર વાત કરવા કહ્યું-

(નોંધ : કવિશ્રી તેજનું આ માર્મિક મુક્તક વધતી ઉંમરના કારણે યાદદાસ્તમાંથી સરકતું હતું, પણ મારાથી પણ અધિક 'તેજ'પ્રેમી શ્રી નવિનભાઈ મૈશેરી (જખૌ-ડોમ્બીવલી) તેમના સ્મરણપટ પરથી તરત જ કહી સંભળાવ્યું, એમનાં આ ઋણમાંથી છટકી તો ન જ શકાય ને !)

(વધુ આવતા અંકે...)

આપણી ધરોહર

# માથે ઓઢવું....
## સન્માન, આત્મસન્માન અને બહુમાન

ઍડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨



આપણા સભ્ય સમાજમાં આદિકાળથી અનેક પ્રથાઓ ચાલી આવી છે એમાંથી એક પ્રથા છે માથે ઓઢવાનું... જે વડીલોનું સન્માન, સ્ત્રીઓનું આત્મસન્માન અને સમાજના બહુમાન તરીકે પ્રસ્થાપિત કરવામાં આવી છે.

દરેક પ્રથા પાછળ વૈજ્ઞાનિક કારણો હોય છે અને તેને બધા અપનાવી અને અનુકરણ કરે તે માટે તેને ધર્મ સાથે સાંકળવામાં આવે છે. આપણો ભાતીગળ લોકવારસો ધરાવતી આપણી સંસ્કૃતિમાં, પુરુષ પ્રધાન સમાજના કારણે એક સમયે ઘુંઘટ પ્રથા ફરજિયાત હતી અથવા સ્ત્રી સન્માન માટે હતી અને સમય જતાં સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધતા શિક્ષિત સમાજે ઘૂંઘટ પ્રથા દૂર કરી અને માથે ઓઢવાની શરૂઆત થઈ. હાલ પણ અમુક સમાજમાં ઘૂંઘટની પ્રથા ચાલુ જ છે એનો મુખ્ય ઉદ્દેશ્ય સ્ત્રીઓ બારે નીકળે તો તેમના  ઉપર નજર ના બગડે અને તેમનું સન્માન જળવાય એ માટે તેને રિવાજ તરીકે ઉપયોગ કરાય છે તે કોઈ બંધન કે કાયદો નથી.

આજે પુરુષો તો કોઈ માથે ઓઢતા જ નથી કેમકે પોતે એમ સમજે છે કે પુરુષ ઈશ્વરમાંથી આવ્યો છે અને સ્ત્રી પુરુષમાંથી આવી છે એટલે સ્ત્રીએ માથે ઓઢવું એ અધિકારનું પ્રતીક  છે. પુરુષો પણ ફેંટો અને ટોપીઓ પહેરતા અને અલગ અલગ પોશાકના કારણે તેનાથી સમાજની આર્થિક વ્યવસ્થા પણ જળવાતી હતી જે એક મોભા તરીકે પણ ટોપી કે ફેંટા પહેરતા હતા. ધાર્મિક કાર્યક્રમોમાં ગુરુજી અને પારિવારિક  પ્રસંગોમાં વડીલો માથે ઓઢવાનો સભ્યતાભર્યો આગ્રહ કરતા હોય છે. સ્ત્રીઓ વધારે રસોડાનું અને ઘરનું કામ કરતી હતી અને રસોઈમાં કે અનાજ દળતી વખતે માથાના વાળ જેવી શુક્ષ્મ વસ્તુ ના પડે તે માટે પણ માથે ઓઢતી હતી. આજે હોટલોમાં સેફ પણ આવી કેપ પહેરે છે. આજકાલ માથે ઓઢે છે કોણ?

શાળામાં કે પાઠશાળામાં જતા બાળકોને અત્યારથી જ આ આદત નહીં નાખીએ તો આપણને એવું પણ કહેતા સંકોચ નહીં કરે કે સંકુચિત મગજ કે જુનવાણી  વિચાર ન રાખો, તમને આ સન્માન મહત્વના કે સબંધ? મદરેસાના બાળકોને જુઓ, જે માથે ઓઢ્યા વગર બહાર ના નીકળે જે મર્યાદાનું એક પ્રતીક છે. આપણે કોઈ દરગાહ કે ગુરુદ્વારા જઈએ તો માથે ઓઢીએ જ છીએ અને સ્ત્રીઓ ચુની કે પાલવ રાખે છે અને પુરુષો રૂમાલ રાખે જ છે. આપણા ગુરુજી કે દેરાસરમાં આ મર્યાદા ક્યારેક ભુલાય પણ છે. મસ્તકે ઓઢવું અને મર્યાદા સભર પોશાકમાં રહેવું એ આર્ય સંસ્કૃતિનું ઔચિત્ય છે. તેનું પાલન આત્મ હિતકારી છે પણ ત્યારે જે વ્યવસ્થા હતી તેને અનુરૂપ આ રિવાજને સમાજ સાથે જોડવામાં આવતા પણ આજે તો આપણે ટેક્નોલોજીના યુગમાં રહીએ છીએ. અને તે આધુનિક યુગમાં માણસ ચાંદ ઉપર જવું શક્ય છે પણ આવા રિવાજને કેવી રીતે આજના જમાનામાં બંધન પણ ના લાગે અને સન્માન પણ જળવાય તે રીતે તેનું અનુકરણ કરાવવું તે યક્ષ પ્રશ્ન છે.

સભ્ય સમાજની રચના પહેલા આપણે પણ આદિ માનવની જેમ પાંદડાના વસ્ત્રો પહેરતા અને સમય જતા સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે મર્યાદા રૂપી ફેરફાર થવા લાગ્યા છે. ધીમે ધીમે સાડી કે સાડલા પહેરવાનું બંધ કર્યું અને ડ્રેસ પહેરવાનું ચાલુ થયું અને તે દુપટ્ટો માથે ઓઢવાનું શરૂ થયું. સાડી પહેરી હોય તો તેનો પાલવ માથે ઓઢી શકાય જે તડકાથી ગરમીમાં અને ઠંડીમાં સુરક્ષા કવચ જેવું હતું. એ ઓઢણીની કિંમત ભલે નાની હોય પણ એ પોતે અને પોતાના બાળકને પણ સુરક્ષા પૂરું પાડતી હતી. પણ હવે સમય જતા દુપટ્ટા પણ દૂર થતાં જાય છે જે સભ્ય સમાજ માટે ખતરાની નિશાની તો છે જ પણ સાથે સાથે સભ્યતા સમાજમાંથી વિદાય લે અને પ્રદૂષણ સમાજમાં પ્રવેશ કરી સમાજને દુર્ગતિ અને અધોગતિ તરફ ધકેલે તે પહેલા તે રિવાજને એકવીસમાં સદી સાથે જોડી આધુનિક વિચાર સાથે આપણી બહેન દીકરીઓનું આત્મસન્માન, વડીલોનું સન્માન, અને સમાજનું બહુમાન કેમ જળવાય તે પણ જોવું પડશે.

વનિતા વિશ્વ

# ‘‘આજનો યુવા અને ધર્મ’’

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



આજના યુવાનો શિક્ષિત છે સુરક્ષિત છે એમના પગારના મોટા તગડા પેકેજ હોય છે. પરિવાર અને સગા સંબંધીઓ માટે તેમની પાસે સમય નથી. એમને ઓફિસ જવાનો સમય ફિક્સ હોય છે પણ ઘરે આવવાનો ટાઈમ ફિક્સ નથી હોતો. મન્ડે ટુ ફ્રાઈડે અથવા ઘણા ઠેકાણે મંડે ટુ સેટરડે એમની કંપની કામ કરાવીને કસ કાઢી લે છે ત્યારબાદ શનિવાર રવિવાર ફક્ત પોતાના માટે રિઝર્વ રાખે છે. એમની લાઈફ બહુ સ્ટ્રેસ ભરેલી હોય છે. મેં જોયું છે કે આજના લગભગ ઘણખરા યુવાનો અને યુવતીઓ સ્ટ્રેસ ઘટાડવા કોઈને કોઈ ગુરુને પોતાના શ્રદ્ધેય માને છે. રજાના દિવસે એમના માનેલા ગુરુ પાસે જાય છે. ધર્મમાં શ્રદ્ધા રાખતા થયા છે તેમ જ પરોપકારમાં પણ .

આજકાલના ગુરુદેવ યુવાનોને ધર્મ પ્રત્યે કેમ આકર્ષવા, એમને સમજાય એ રીતે કેમ રુચિ ઉત્પન્ન કરવી તે જાણે છે. આજકાલના ગુરુદેવો ભગવાન મહાવીર સ્વામીના જ અનુયાયી છે. અહિંસા પરમો ધર્મ અને ‘જીવો અને જીવવા દો’માં માનવાવાળા જ છે. આજના યુવાનોને ફક્ત ગોખણપટ્ટી નહીં પરંતુ એમને ધર્મ અનુસરવા માટે કંઈક અલગ રીતે કંઈક અનોખી રીતે પણ બધાના ગળાની નીચે મીઠા શીરાની જેમ ઓગળી જાય એ રીતે એમના મગજમાં ઉતારી દે છે. જુના અને જાણીતા ધર્મને જ નવા વાઘા પહેરાવીને યુવાનોને ગમે એ રીતે એમને પરોસે છે. એના માટે વિવિધ પ્રવાસ ગોઠવીને અથવા સંગીત અને નાટક દ્વારા જલ્દી ગ્રહણ થાય એ રીતે બનાવીને યુવા ધનને ધર્મ માર્ગે વાળે છે. પ. પૂ. નમ્ર મુનિ મ. સા.હોય, કે પ. પૂ. રાકેશ ગુરુદેવ હોય કે, તત્ત્વમવાળા નિખિલભાઈ સર હોય, એમની રીત કંઈક અલગ અને આકર્ષે એવી હોય છે. એમનો ધર્મ પ્રત્યેનો નજરિયો જ અલગ હોય છે. ધર્મની સાથે પ્રાણી પ્રેમ, વ્યક્તિ પ્રેમ પણ શિખવાડે છે. ધર્મને વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમજાવે છે. પ્રાણીઓ માટે જીવદયા રૂપે એમ્બ્યુલન્સ વસાવે. ગૌશાળાઓ બનાવે.

જે સાધર્મિક નબળા હોય એમને દરેક પ્રકારની મદદ કરી રહ્યા છે. રોજગાર માટે ઑટો રિક્ષા  પણ લઈ આપે છે. કેટલું સુંદર અભિયાન છે. પૂજા અનુષ્ઠાનો સાદાઈથી કરીને સાથે સાથે આપણા સાધર્મિક પરિવારને સ્વમાન ભેર જીવવાની રાહ બતાવીએ એ પુણ્યવંતુ અને પરોપકાર નું કામ છે. રોજગાર માટે ઑટો રિક્ષા અપાવવી અને વ્યક્તિને આત્મ નિર્ભર બનાવવું એ પણ એક પ્રકારનો ધર્મ છે. અને આજનો યુવા પણ એવા જ પ્રકારના ધર્મમાં વિશ્વાસ રાખે છે. અમુક ગુરુદેવની પ્રેરણાથી ખૂબ સુવિધાવાળી સુસજ્જ હોસ્પિટલ પણ બની છે.

હવે બધા સાધુ સાધ્વીજીઓને ધર્મ અનુસરવા, યુવાનોને આકર્ષવા થોડો બદલાવ લાવવો જરૂરી છે. આજનો યુવા ધન દેરાસર બાંધવામાં કે પૂજા અનુષ્ઠાનો કરાવવામાં, પૈસો નહીં વાપરે. પરંતુ જીવમાત્ર માટે કંઈક જરૂરત હશે તો જરૂર દાન વહેડાવશે.

આજના સમયનો પોકાર છે. યુવાનોને ધર્મ પ્રત્યે વાળતા પહેલાં આપણામાં પણ થોડો બદલાવ લાવવાની એટલી જ જરૂરત છે.

***

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

• પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી • સાચી જરીની સાડીઓ બોર્ડર • જુના સાચા ઘરચોળા • કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

શ્રી મહાવીર એમ્બ્રોયડરી

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

પ્રકાશ સમીક્ષામાં માલતીબેન હરીશ ધરમશીએ ''વનિતા વિશ્વ'' માં સેકન્ડ ઈનિંગ એટલે શું? માટે જવાબ જણાવવા લખ્યું છેઃ

સેકન્ડ ઇનિંગ્સ એટલે શું?

# પ્રતિભાવ

આ પ્રશ્નનો ટુંકો અને નક્કર જવાબ એ છે કે, જીવન જીવવાની રીત બદલવી. આપણે જે કોઈપણ પરિસ્થિતિમાં હોઈએ ,તેમાં જ વંચિતો માટે, આપણા કરતાં નબળા વર્ગને સહાયક બનીએ, એવી વિચારધારા કેળવીએ.

જીવવાનું મિશન અને વિઝન બદલવાની વાત.

હાર્ટની કે અન્ય લાંબી બીમારી આવી પડે ત્યારે જીને કી રાહ બદલવાની વાત. જીવન જીવવું બોરીંગ લાગતું થાય ત્યારે સમાજ માટે કંઈ કરી છૂટી જીનેકી નઈ રાહ શોધી લેવી અને આસપાસ આનંદનું વાતાવરણ ઊભું કરતા રહીએ.

યોગી ના બનીએ તો કંઈ નહીં, પણ મોટી ઉંમરે કો'કને ઉપયોગી તો બનતા રહીએ. તેથી યેન કેન પ્રકારે કોઈને મદદનો હાથ લંબાવી આપણે સ્વયંમાં આનંદની અનુભૂતિની માત્રા વધારી શકીએ.

ઈશ્વરકૃપાથી આપણા સૌ કોઈની આયુષ્યની રેખાની લીટી પ્રભુએ ઈરાદાપૂર્વક લાંબી કરી છે ત્યારે જીયો ઔર જીને દો. વધુ સારી રીતે જીવીએ અને કોઈકને ઉપયોગી થઈએ, એ પણ ના થઈ શકે તો જે ઘરમાં આપણે રહીએ છીએ તેના સભ્યોમાં આપસમાં વેરઝેરનું વાતાવરણ હળવું કરીને પ્રેમ –મીઠાશ અને આનંદથી રહીએ. જૂની પુરાણી કડવાશ કાયમ માટે દૂર કરી દઈએ .

આપણા જૈન ધર્મના સિદ્ધાંત ''મિચ્છામિ દુક્કડમ્'' દરરોજ કરી આપણું તેમ જ અન્યનું માઈન્ડ સેટ બદલી નાખીએ, જે કાંઈ અઘરું તો નથી જ, સહેલું છે, પહેલ તો કરીએ જ. વેરઝેરને વિસરી જઈએ.

અંદરો અંદર ખટરાગના છોડનો નાશ કરીએ. નવી બોનસ લાઇફમાં બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવના કેળવીએ અને તેમાં જ સ્વયંના આનંદને મેળવીએ.

જુનામાં કંટાળો આવે, ખોટી એનર્જી વપરાઈ જાય. ધીરે ધીરે રસ ઓછું થતું જાય. નવું નવું શું કરવું એની સતત કોશિશ કરતા રહીએ.

મોટાભાગના લોકો નવું ભણવા- શીખવા તૈયાર જ નથી હોતા, પોતે એમ જ સમજે છે કે, હવે મારી જિંદગીમાં બધું શીખી લીધું છે.

સફળતાનું ખાતું પણ ચાકુ જેવું છે, એને તેજ કરતાં જ રહેવું પડે. એક તરફ તીક્ષ્ણ થઈને ઘસાવું પડે, એ ઘસાવવામાં આનંદની માત્રા વધારતા રહીએ.

Be Good Do Good ના વિચારોમાં સકારાત્મક બદલાવ લાવીએ તો આપણો દષ્ટિકોણ બદલાશે, અને બીજાનો દષ્ટિકોણ બદલવામાં પણ ઉપયોગી નીવડશું.

શરીર એક મંદિર છે, એમાં પવિત્રતા જળવાશે તો આખો દિવસ સાત્વિક અને સુખદ બનશે.

ગપશપને મર્યાદિત કરી શકીએ, તેને વિરામ આપી દઈએ. બિનજરૂરી અણગમતી અને અવળી બાબતોથી દૂર રહી શરીર–મનને વિરામ આપી દઈએ. કકળાટ કે કલુષિત વાતાવરણથી દૂર રહીએ. પૈસા હશે તો સુખ વધશે એની કોઈ ખાતરી નથી. અંતરાત્માના અવાજને ઢંઢોળી શકે છે. તેમાં બદલાવ લાવી નૂતન વિચારધારા કેળવીએ.

આડોશપાડોશ અને સગાસંબંધી સાથે જાણતા અજાણતા ઘર્ષણ થયું હોય તો તેને દૂર કરી આનંદની લાગણી અનુભવીએ. પહેલ કરવા નાનપ પણ ના અનુભવવી.

દવાની માફક જ્ઞાનને પણ Expiry Date લાગુ પડે છે માટે આજના પરિવર્તનશીલ સમયમાં, ઝડપી યુગમાં વ્યક્તિએ જ્ઞાનના પડકારોનો સામનો કરવાની તાકાત વિકસાવવી જરૂરી છે. લેટેસ્ટ નોલેજથી અપડેટ રહેવું જરૂરી છે. માટે ચાલો આપણે સૌ કોઈ સેકન્ડ ઈનિંગ માટે સકારાત્મકતા સાથે પીચ પર જઈએ.

**- C A કુલિનકાંત ચાપસી લુઠીયા.**

**૯૮૨૦૦ ૩૯૪૬૯**

પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત
કૉફી ટેબલ બુક 'પ્રકાશ વિશેષ'માંથી ક.દ.ઓ.
વ્યક્તિ વિશેષોની લેખમાળાનો બારમો મણકો પ્રકાશિત છે.
આગામી દરેક અંકમાં ક્રમશઃ એક મણકો પ્રકાશિત થશે. – CA હીરાચંદ દંડ

# જયંત લક્ષ્મીચંદ લાપસિયા

## નોખી માટીના સ્વજન

માત્ર આપણી જ્ઞાતિમાં નહીં, અન્યત્ર પણ આવું વ્યક્તિત્વ ઝટ જોવા મળતું નથી. એનાં ઘણાં કારણો છે. મનગમતા ક્ષેત્રથી સાવ જુદા વેપારમાં તેઓએ સફળતા મેળવી છે. સાથે, મનગમતી પ્રવૃત્તિને પણ વફાદાર રહ્યા છે. અને હા, તેઓ તામિલોના પણ એવા સ્વજન છે જેવા દરેક કેડીઓના



## વ્યક્તિત્વ

તેઓ તામિલ ફાંકડી બોલે છે. મુંબઈના એક સૌથી મોટી અને પાવન તામિલ સંસ્થાના વરસોથી પ્રમુખ છે. માટુંગાના પ્રમુખ ઇન્ડિયન જિમખાના અને પોતાના વ્યવસાય, એટલે ઇમ્પોર્ટ-એક્સપોર્ટના, એક સૌથી મોટા એસોસિયેશનના પણ વરસોથી પ્રમુખ છે. ત્રણેય જગ્યાએ એક જ વાત, ''સંસ્થાને તમારાથી સારી કોઈ ના સંભાળી શકે. તો, તમારે જ પ્રમુખ રહેવાનું છે.'' એમની કંપની દેશમાં પ્રવાહી ચીજોની આયાત-નિકાસમાં ખ્યાતનામ છે. તેઓ અચ્છા સ્પોર્ટ્સમેન અને કોમેન્ટેટર છે. રમતોમાં લાઇવ કોમેન્ટરી આપીને તેઓ લોકોનાં દિલ જીતે છે. આવા વ્યક્તિત્વવાળા જયંતભાઈ લાપસિયાને મળીએ.

જયંતભાઈ મૂળ કચ્છ રવા ગામના. મુંબઈગરા તરીકે માટુંગાના. ૧૯૫૭માં જન્મેલા જયંતભાઈ, પ્રેમબાઈ અને લક્ષ્મીચંદના પાંચ દીકરામાં સૌથી નાના. માટુંગા-કિંગ્સ સર્કલ વિસ્તારમાં ગુજરાતીઓ, તામિલો વગેરે પેઢીઓથી હળીમળીને રહે છે. એમનો પ્રાથમિક અભ્યાસ માટુંગાની ડોન બોસ્કો હાઈ સ્કૂલમાં થયો. ''નિયતિએ ચાહ્યું હોત તો હું સ્પોર્ટ્સમેન હોત,'' જયંતભાઈ સંસ્મરણો વાગોળતાં કહે છે, ''મને સ્કૂલથી રમતગમતનો શોખ હતો. વોલીબોલ, બાસ્કેટબોલ, ક્રિકેટ... મારું વિશ્વ હતું.'' મેટ્રિક એટલે અગિયારમા ધોરણ પછી જયંતભાઈએ પોદ્દાર કોલેજમાં કોમર્સમાં એડમિશન લીધું. ત્યાં ૧૯૭૬માં જીવનનો પ્રવાહ બદલાઈ ગયો, ''મોટા ભાઈ, કિરીટભાઈના સસરાનો, યુ. એમ. ખોના એન્ડ કંપની નામે આયાત-નિકાસનો બિઝનેસ હતો. એ કોઈ ચલાવી શકે તેમ નહોતું તેથી સસરાએ વેપાર કિરીટભાઈને સોંપ્યો. કિરીટભાઈએ મને કહ્યું કે બિઝનેસ માટે તારો સાથ જોઈએ. મારા માટે ભણવા સાથે બિઝનેસ પર ધ્યાન આપવું શક્ય નહોતું. બિઝ નેસ નાઇન ટુ ફાઇવની નોકરી નથી. તેથી હું બધું મૂકીને બિઝનેસમાં જોડાયો.''

એમ, ખેલાડી-વિદ્યાર્થી જયંતભાઈ બન્યા વેપારી. ત્યારે કાયદા અલગ હતા. લાઇસન્સ રાજ હતું. આયાત-નિકાસ કદાચ સૌથી અઘરો બિઝનેસ હતો. મસ્જિદ બંદરમાં ઓફિસ ધરાવતી એમની કંપની કસ્ટમ્સ હાઉસના એજન્ટ તરીકે પ્રવાહી ચીજોની આયાત-નિકાસ કરતી. એ કામ લોઢાના ચણા ચાવવાથી કમ નહોતું. બારેક જણના સ્ટાફ અને પડકારો વચ્ચે ભાઈઓએ કમર કસી કે જાત સિદ્ધ કરવી છે.

વેપારને લીધે જયંતભાઈનું રમવાનું ઓછું થયું પણ કિસ્મતે ખેલવિશ્વ સાથે કનેક્ટેડ રાખવાનો માર્ગ ઉઘાડી આપ્યો, ''અમે મિત્રો માટુંગાની ઇન્ડિયન જિમખાનામાં રમતા. હું કોમેન્ટરી પણ આપતો. ૧૯૭૮માં રેડિયોએ મને રણજી ટ્રોફીની ચાર દિવસની ક્રિકેટ મેચમાં કોમેન્ટેટર બનવાની ઓફર કરી. સમયના અભાવે મેં ના પાડી પણ આગ્રહ થતાં છેવટે કહ્યું, ભલે, પણ માત્ર શનિ-રવિ.'' એમ થઈ એમની ક્રિકેટ કોમેન્ટરીની શરૂઆત. પછી બાસ્કેટબોલ, વોલીબોલ... રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ, અન્ય રમતોની કોમેન્ટરીઝ, ઘણું ઉમેરાયું.

૧૯૮૪માં એમનાં લગ્ન સરસ્વતી સાથે થયાં. સરસ્વતી હતાં તામિલ. મિત્રોને લીધે જયંતભાઈ તામિલ બોલી શકતા. તેઓ કહે છે, ''જિમખાનામાં સરસ્વતી વોલીબોલ અને હું વોલીબોલ સહિતની અન્ય રમતો પણ રમું.'' લગ્નના વરસે નવી દિલ્હીમાં એશિયાડ ગેમ્સ હતી. એમાં જયંતભાઈએ કોમેન્ટેટર તરીકે સેવા આપી. એ વરસે તેઓ પહેલીવાર સબરીમાલાની જાત્રાએ પણ ગયા.

વેપારના ક્ષેત્રમાં એમની પ્રગતિ ૧૯૯૨માં ઉદારીકરણ સાથે થઈ, ''લિક્વિડ બલ્કની આયાત-નિકાસ ત્યારે આજની જેમ ફૂલીફાલી નહોતી. લાઇસન્સ રાજની મર્યાદાઓ વચ્ચે ૧૯૮૨ આસપાસ એવો સમય હતો જ્યારે આયાત સદંતર અટકી ગઈ હતી. જોકે ૧૯૯૨ના પરિવર્તન પછી અમારે પાછા વળીને જોવાનો વારો આવ્યો નથી.'' એ પછી કંપની કૂદકે ને ભૂસકે મોટી થઈ. આજે સ્ટાફ સો સુધી પહોંચી ગયો છે.

આ તરફ, શહેરના ચેમ્બુર પરામાં તામિલોની સંસ્થા, શ્રી હરિહરપુત્ર ભજન સમાજ હતી. ત્યાં

પણ તેઓ નિયમિત જતા. સંસ્થા પ્રમાણમાં નાની હતી, ''સમાજનો પ્લોટ હતો પણ પોતાની ઇમારત નહોતી. ડિસેમ્બર સિવાયના સમયમાં સેવાપ્રવૃત્તિઓ ભાગ્યે જ થતી. દસેક વરસ પછી હું સંચાલનમાં જોડાયો. અમે લોન લઈને સંસ્થાની શંકરાલયમ નામની મોટી ઇમારત બાંધવાની શરૂઆત કરી. સાથે વરસભર ચાલતી સેવાપ્રવૃત્તિઓ શરૂ કરી.'' એમના ઇન્વોલ્વમેન્ટથી સમાજ વધુ સક્રિય થયો. ૧૯૯૪-૯૫માં તેઓને એના પ્રેસિડન્ટ બનાવાયા અને આજ સુધી છે. આ સમયગાળામાં સમાજ વટવૃક્ષ બન્યો છે. આગળ એની વધુ વાત કરીએ.

ક્લિયરિંગ અને ફોરવર્ડિંગના વ્યવસાયમાં જયંતભાઈની મોટી શાખ છે. ગોદરેજના અદી ગોદરેજ જેના પ્રણેતા છે તેવા ઓલ ઇન્ડિયા લિક્વિડ બલ્ક ઇમ્પોર્ટર એન્ડ એક્સપોર્ટર એસોસિયેશનના જયંતભાઈ ૧૯૯૯થી પ્રેસિડન્ટ છે. તેઓ કહે છે, ''આ પદ પરીક્ષા લેનારું છે. સરકાર અને અધિકારીઓ સાથે એમાં કાયમ પનારો પાડતાં ઉદ્યોગહિત જોવાનું રહે છે. હું આ કરી શકું છું તેથી સૌ કહે છે કે તમે જ આ જવાબદારી સંભાળો એ સારું.''

અંગત જીવન પર પાછા ફરીએ તો ૨૦૨૦માં સરસ્વતીભાભીનું અવસાન થયું. એમના વિના જાણે જયંતભાઈનું વિશ્વ અધૂરું થયું છે, ''સરસ્વતી મારો સૌથી મોટો આધાર હતી. મારી દરેક પ્રવૃત્તિનું અભિન્ન અંગ હતી. શ્રી હરિહર સમાજની લેડીઝ વિંગની જવાબદારી એણે વરસો સુધી ઉઠાવી હતી. કેડીઓ ક્લાસિકનાં પ્રેસિડન્ટ તરીકે પણ સેવા આપી હતી.'' એમના દીકરા હર્ષ ૨૦૦૭-૦૮થી પિતા સાથે બિઝનેસમાં છે. બિઝનેસમાંથી કિરીટભાઈની નિવૃત્તી પછી હર્ષના આગમનથી જયંતભાઈને ફરી નિરાંત થઈ. જયંતભાઈ કહે છે, ''હર્ષના જોડાયા પછી અમે છએક નવી શાખાઓ કરી. બધી હર્ષ સંભાળે છે. એમાં અમુક પોતાની ઓફિસ, તો અમુક અન્યો સાથે સંયુક્ત સાહસ છે. અમારું ટર્નઓવર અને સ્ટાફ પણ વધ્યાં છે. અમે લિક્વિડ સિવાયના ઇમ્પોર્ટ-એક્સપોર્ટ સહિત એર કાર્ગોની સેવાઓમાં વિસ્તરણ કર્યું છે.''

બીજા દીકરા ધ્રુવે લોસ એન્જલેસની ન્યુ યોર્ક ફિલ્મ એકેડેમીમાંથી સિનેમોટોગ્રાફીનો કોર્સ કર્યો છે. કોર્સ દરમિયાન ધ્રુવે બનાવેલી પ્રોજેક્ટ ફિલ્મ યુકે ફિલ્મ ફેસ્ટિવલમાં નોમિનેટ થઈ હતી. આજે તેઓ પ્રસ્થાપિત સિનેમેટોગ્રાફર છે. મહેન્દ્ર સિંઘ ધોની, હાર્દિક પંડ્યા, રણવીર સિંઘ સહિત અનેક નામવંત સેલિબ્રિટીઝ સાથે એમણે એડ્સ અને એકતા કપૂર માટે વેબ સિરીઝ કરી છે.

જયંતભાઈ હવે ધર્મ અને આસ્થા પર હવે વધુ ધ્યાન આપે છે. તેઓ કહે છે, ''પપ્પાએ મારામાં સિંચેલા ધર્મના સંસ્કાર આજે કામ આવી રહ્યા છે. એ માટે હું એમનો ઋણી છું. આર્થિક સમૃદ્ધિ ઠીક છે પણ સાચું સુખ આંતરિક શાંતિમાં છે. મને આ સમજાયું એ મારું સદભાગ્ય. એટલે જ, હવે ધર્મ આચરવો અને લોકોને મદદરૂપ થવું મારું મુખ્ય લક્ષ્ય છે. ''

## વિચારસત્ત્વ

અભ્યાસ અને રમતગમતનું ક્ષેત્ર મૂકીને જયંતભાઈએ જે હાંસલ કરી બતાવ્યું છે એ પોતાનામાં મિસાલ છે. તેઓ કહે છે, ''જે કરીએ એમાં આપણું પૂરું ફોકસ અને સમર્પણ હોય તો બધું શક્ય છે. શરૂઆત આકરી હોય તો પણ રસ્તા નીકળે. વેપારમાં જો અને તો, થશે તો ઠીક એવું ના ચાલે. મારી પહેલેથી સ્પષ્ટતા હતી કે મારે બિઝનેસને મારું શ્રેષ્ઠ આપવું છે.''

યુવાપેઢી વિશે તેઓના વિચારો જાણવા જેવા છે, ''અમારા સમયમાં મૂલ્યો હતાં. ધર્મ અનિવાર્ય હતો. આજના યુવાનો ધર્મમાં ઓછા છે. એમની વિચારધારા જુદી છે. સૌ ડિજિટલ છે. બેશક, ભવિષ્ય ઊજળું છે પણ યુવાનોની માનસિકતા સાવ જુદી છે. કદાચ અમારા સમયમાં દરેક મર્યાદાની સૌને સુપેરે સમજ હતી. વસ્તુની કિંમત હતી. આજની જેમ ઇન્સ્ટન્ટ પ્રેમ અને ઇન્સ્ટન્ટ બ્રેકઅપનો સવાલ નહોતો. હશે, દુનિયા અલગ ટ્રેક પર છે.''

આ વાત સાથે જૈનો અને કચ્છી દશા ઓશવાલોની વાત થાય છે. જયંતભાઈ તરત ઉત્સાહિત થઈ જાય છે, ''આપણે નસીબદાર છીએ કે જૈનોમાં ધર્મનું

મહત્ત્વ જળવાયેલું છે. આપણી સ્થિતિ અન્યો કરતાં ખરેખર સારી છે.'' ઇમ્પોર્ટ-એક્સપોર્ટ અને લિક્વિડ મટિરિયલના બિઝનેસમાં એમના યોગદાનની સર્વત્ર નોંધ લેવાતી રહી છે. ૨૦૧૬માં વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઇઝેશને જયંતભાઈને સર્ટિફિકેટ ઓફ મેરિટથી સન્માનિત કર્યા હતા. તેઓ કહે છે, ''આમ તો એ માત્ર ગવર્નમેન્ટ ઓફિસરને અપાય. એનું ચયન ખાનગી રીતે સરકાર જ કરે. મને આ એવોર્ડ આપવાનું નક્કી થયું ત્યારે મને મોટું આશ્ચર્ય થયું હતું.'' સર્ટિફિકેટ એમને તત્કાલીન કેન્દ્રીય નાણાપ્રધાન અરુણ જેટલીના હસ્તે એનાયત થયું હતું. ૨૦૨૩માં એમને ઇન્ટરનેશનલ કસ્ટમ્સ ડે નિમિત્તે સર્ટિફિકેટ ઓફ એપ્રિશિયેશનથી નવાજવામાં આવ્યા હતા. બીજાં અનેક માન-અકરામ તેઓના ખાતામાં બોલે છે. માત્ર બિઝનેસમાં નહીં, રમતગમતક્ષેત્રમાં પણ.

## સેવાવિશ્વ

ઉપર જે સમાજની વાત કરી એ શ્રી હરિહરપુત્રમાં તેઓના સુકાનમાં થતી સેવાઓની યાદી લાંબી છે. દેશની ટોચની સેવાસંસ્થાઓમાં એનું સ્થાન છે. શૈક્ષણિક, સામાજિક, યુવાઓને કારકિર્દીલક્ષી તાલીમ અને માર્ગદર્શન, ધાર્મિક પ્રવૃત્તિઓમાં મંડળ પ્રવૃત્ત છે. દર વરસે સમાજ હજારો વિદ્યાર્થીઓને એજ્યુકેશનલ કિટ આપે છે. આ વરસે અપાયેલી આવી પાંચ હજાર કિટનું પ્રત્યેકનું મૂલ્ય રૂ. ૧,૫૦૦ હતું. પહેલાં સમાજમાં ઘણી સ્વાસ્થ્યલક્ષી સેવાઓ થતી પણ હવે, જયંતભાઈ કહે છે, ''ધાર્મિક સંસ્થાના બંધારણ અનુસાર અમે એ કરી શકીએ એમ નથી. તેથી અમારે એ સેવાઓ રોકવી પડી. હા, આંખની તપાસ આજે પણ થાય છે.'' સમાજે મોતિયાંનાં પાંચેક હજાર ઓપરેશન્સ કરાવ્યાં છે. સમાજની ઉત્કૃષ્ટ કામગીરીને કારણે ઘણા ઉદ્યોગપતિઓ એમાં સહયોગ આપે છે. ૨૪ વરસથી શ્રી ષણમુખાનંદ ઓડિટોરિયમમાં સમાજનો વાર્ષિક કાર્યક્રમ, સમાજશક્તિ એવોર્ડ્સ, યોજાય છે. એમાં સમાજ ઉત્કર્ષમાં યોગદાન આપનારી વ્યક્તિઓ અને સંસ્થાઓને સન્માનિત કરવામાં આવે છે.

૧૯૭૮થી તેઓ જયંતભાઈ ખેલકૂદના વિશ્વમાં સતત સેવા આપે છે. ૨૦૧૨માં દિલ્હીમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં નેટબોલની રમત અને ગેમ્સના સમગ્રતયા આયોજનની, બેઉ કોમેન્ટરી આપી હતી. તેમના મતે, ''કોમેન્ટરી આપીને હું ફ્રેશનેસ અનુભવું છું. એના લીધે મને કસ્ટમ્સ ઓફિસર્સ માન આપે ત્યારે આનંદ થાય છે. બિઝનેસમાં ક્યારેક એની આડકતરી મદદ પણ મળે છે. સૌથી મોટી વાત કે હું મને ગમતી એક્ટિવિટી કરું છું.''

આપણી સંસ્થા વીએલવીજીમાં તેઓ ટ્રસ્ટી છે. શિવજીભાઈના પ્રેમાળ આગ્રહથી તેઓ એમાં જોડાયા હતા, ''મારું યોગદાન પ્રમાણમાં ઓછું હશે પણ સંસ્થા સાથે રહેવાનો સંતોષ છે.'' સિવાય વરસો સુધી તેઓ નિયમિતપણે સબરીમાલા જતા અને સેવા આપતા. હવે જોકે ચેમ્બુરમાં શ્રી હરિહરપુત્રમાં જ અયપ્પા સ્વામીની પૂજા-અર્ચના સહિતની સેવાઓનો વ્યાપ વિશાળ થયો છે. હવે તો સબરીમાલાથી દર વરસે પૂજારીઓ ચેમ્બુર આવે તેથી જયંતભાઈનું ત્યાં જવાનું ઓછું થયું છે.

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

''મારું કામકાજ અને સર્કલ જરા જુદાં હોવાથી મને જ્ઞાતિ સાથે સતત કનેક્ટ રહેવા મળ્યું નથી પણ હા, પ્રકાશ સમીક્ષા એ ખોટ પૂરે છે. એ મને સૌની સાથે સાંકળી રાખે છે. મને ગુજરાતી વાંચવામાં થોડો સમય લાગે છતાં પ્રકાશ સમીક્ષા અવશ્ય વાંચું છું,'' જયંતભાઈ શતાબ્દીસજ્જ સામયિકની વાત કરતાં કહે છે. એમના મતે એની માહિતી વિશ્વભરના જ્ઞાતિજનોને નિકટતાનો અનુભવ કરાવે છે. તેઓ કહે છે, ''પ્રકાશ સમીક્ષાની સદી આપણી એકતા અને પરસ્પર પ્રેમની સદી છે. આપણે એને ઉમળકાભેર વધાવી લઈએ.''

**નમ્ર નિવેદન :**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

મહાજન દ્વારા શ્રી કુંથુનાથ જિનાલયની પચ્ચીસમી ધ્વજા પ્રસંગે તા. ૨૯.૬.૨૦૨૫ના સવારે ૭ વાગે શ્રી કુંથુંનાથ જિનાલયથી શ્રી મનહર ચત્રભુજભાઈ શાહના નિવાસસ્થાને ઢોલ અને શરણાઈ સાથે રજત ધ્વજાનું સ્વાગત વિધિવિધાન સાથે કરવામાં આવેલ. જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ. સાંજે ૭ વાગેથી શ્રી ગિરીશ રતિલાલ શાહના નિવાસસ્થાને ભક્તિસંધ્યાનું આયોજન કરવામાં આવેલ. સૌ. શીતલબેન વ્યાસ ટીમે ભક્તિની સારી રમઝટ જમાવેલ. આગામી દિવસોમાં પચ્ચીસમી ધ્વજા જ્ઞાતિજનો, નિયાણી બહેનો રાયપુર, ભિલાઈ, ભાટાપારા, ધમતરીમાં સર્વેના નિવાસસ્થાને પધારશે.

### કોઠારા તીર્થે શાનદાર ચાતુર્માસ પ્રવેશ



અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા ગામે પ.પૂ.સા. શ્રી જગતત્રયાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી દિક્ષીતપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા-૨ ચાતુર્માસ પ્રવેશ કરતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા સ્વાગત કરવામાં વેલ. ધ્વજા, પતાકા, બેનર, ગહુંલીઓ, શણગારેલા બેડા, સામૈયાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા.

કોઠારા જૈન મહાજનશ્રી પ્રમુખ નલીનભાઇ અજાણી, હેમંતભાઇ અજાણી, રાયચંદ લોડાયા, પ્રવિણ લોડાયા, વીરચંદ ધરમશીં, મધુકાન્ત શાહ, દીનેશ અજાણી, તથા ગોવિંદજી પટેલ, શામજીભાઇ દંડ, શાન્તીલાલ ધરમશી, આણંદજીભાઇ મોતા, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, રતિલાલ ધ્રોળ, પ્રદિપ મુનવર, પ્રભાતસિંહ જાડેજા, ઝવેરચંદભાઇ ખોના સાથે સાંયરા, સુથરી, સાંધવનાં શ્રાવક-શ્રાવીકાઓ વિશાળ સંખ્યામાં સામૈયામાં જોડાયા હતા. પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા. ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ ચાતુર્માસનો અનેરો મહિમા સમજાવતાં ચાર મહિનાં ધાર્મિક આરાધનાઓમાં જોડાઇ પોતાના જીવનને ધન્ય બનાવવા સમજ પૂરી પાડી હતી.

દીનેશ અજાણી, તોરલબેન શાહનંદ, પ્રબોધ મુનવરે પ્રાસંગિક ઉદબોધન કરેલ. કાર્યક્રમનું સંચાલન પ્રવિણભાઇ લોડાયાએ કરેલ. વ્યવસ્થા ગુલાબ મોતા, પનુભા ધલ, ગીરીશ મોમાયા, હિરેન નાગડા, સચિન મુનવર, મયુર લોડાયાએ સંભાળેલ.

### કોચીન તીર્થ ખાતે ચાતુર્માસ પ્રવેશ





તા. ૦૨-૦૭-૨૦૨૫ એ શ્રી કોચીન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા ગુરુભગવંતને ભવ્ય પ્રવેશ આપવામાં આવ્યો. અનેક શહેરો-ગામડાઓના ભાવિકો, ચેંડા વાદ્ય, ભજન-નારા અને ૧૪ સપનાં, અષ્ટમંગલ, બેડા,

ધ્વજ, કલશ વગેરે સાથે દેરાસરજીમાં પ્રવેશ કર્યો. બધાએ દર્શન અને ચૈત્યવંદન કર્યા.

ગુરુભગવંતે માંગલિક સાંભળ્યું. દીવો પ્રગટાવી કાર્યક્રમ આરંભાયો અને શ્રી કિશોર શામજી કુરુવાએ સ્વાગત કર્યું. મહેમાનો અને ગુરુભગવંતના માતા-પિતાનું સન્માન કરવામાં આવ્યું. પરમ પૂજ્ય સાધ્વીવર્યા શ્રી શ્યામપૂર્ણાશ્રીજી મ.સા., પરમ પૂજ્ય સાધ્વીવર્યા શ્રી મંત્રશિલાશ્રીજી મ.સા., પૂજ્ય સાધ્વીવર્યા શ્રી મૈત્રીશિલાશ્રીજી મ.સા., તથા નવદીક્ષિત પરમ પૂજ્ય સાધ્વીવર્યા શ્રી મૃદુશિલાશ્રીજી મ.સા.ના પ્રથમ ચાતુર્માસનો લાભ મળ્યો. દરરોજ સવારે ૯:૩૦ વાગ્યે વક્તૃત્વ યોજાશે, જેમાં પાવન જિનવાણી શ્રવણનો અમૂલ્ય લાભ મળશે. (૨ ફોટા)

**શ્રી અંકુશ મિત્ર મંડળ - ડોંબિવલી (વેસ્ટ)**

ડોંબિવલી (વેસ્ટ) ગાંવદેવી, આનંદનગર, જયહિન્દ કોલોની વિસ્તારમાં આ વર્ષે-૨૦૨૫ પણ, નવરાત્રીનું આયોજન કરવામાં આવેલ છે. નવરાત્રી ઉત્સવની બાબતમાં ચર્ચા કરવા સભાનું આયોજન તા. ૦૩/૦૮/૨૦૨૫ના રાખવામાં આવેલ છે. કાર્યકર્તાઃ શૈલેષ નવિનચંદ્ર શિયાલ- ૯૮૯૨૭૮૨૭૯૮, અરવિંદ બાબુલાલ ધરમશી - ૯૩૨૦૯૫૧૨૬૩.

**શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, કોચીન**

કચ્છી નવવર્ષ અષાઢી બીજ ઘણાં ઉમંગ, ભક્તિ અને આનંદ સાથે ઉજવાયો.

મહાકાળી ભાવના શુક્રવાર, ૨૭ જૂન ૨૦૨૫ના રોજ યોજાઈ હતી જેમાં લગભગ ૧૫૦ જ્ઞાતિજનો જોડાયા હતા, જેનું પાઠન શ્રી પરેશ દામજી મોતા, શ્રી લલિત લહેરચંદ લોડાયા અને શ્રી સતીશ ખીમજી દંડ દ્વારા કરવામાં આવ્યું.



શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, કોચીનની ૨૦૨૫-૨૬ ની વાર્ષિક સામાન્ય સભા (AGM) રવિવાર, ૨૯ જૂન ૨૦૨૫ના રોજ યોજાઈ હતી. આ સાથે વિશેષ કાર્યક્રમ અભિનંદન ઉત્સવ પણ આયોજિત થયો હતો.

મુખ્ય અતિથિ તરીકે શ્રી હેમાંગ રાયચંદ ધરમશી (મુંબઈ), વિશેષ અતિથિઓ તરીકે શ્રી યતીન અશોક ધરમશી (બેંગલોર) અને શ્રી યશોધન રાયચંદ કરાણી (મુંબઈ) ઉપસ્થિત રહ્યા.

**નિવૃતિ નિવાસ બનવા તરફ પ્રગતિ કરી રહેલું ગદગ સુખાલય**

શ્રીમતી સોનલબેન રાયચંદભાઈ ધરમશી જીવનસંધ્યા સુખાલયમાં હવે અંતેવાસીઓને વિશેષ સવલત આવામાં આવી છે. આથી સુખાલય હવે માત્ર વૃદ્ધાશ્રમ ન રહેતા નિવૃતિ નિવાસ બનવા તરફ પ્રગતિ કરી રહ્યું છે.

સુખાલયમાં નિવાસ કરતા અંતેવાસી પોતાના અનુભવ અને વ્યવસાય મુજબ નોકરી, વ્યાપાર on-line સ્ટોક trading કરી શકે છે. સુખાલયમાં સાથે રહેતા પતિ-પત્નીમાંથી પતિને part time શિક્ષણ કાર્યની પરવાનગી આવામાં આવી છે. પોતાને મનગમતી સામાજિક સેવા વગેરેમાં પણ ભાગ લઈ શકે છે.

**શ્રી કેડીઓ જીવીસી જૈન સંઘ**

સંઘ દ્વારા જલેબી રોક્સ ફિલ્મ સ્પેશિયલ સ્ક્રીનીંગ રાખવામાં આવ્યું હતું જેનો આનંદ સમગ્ર જીવીસી પરિવારે માણ્યો. સમગ્ર સિનેમા થિયેટર સભ્યોની ઉત્સાહભરી હાજરીથી ખચાખચ ભરાઈ ગયેલું.

જીવીસી સંઘની વાર્ષિક સામાન્ય સભા શ્રી વીરજી લધાભાઈ કેડીઓ જૈન વિદ્યાર્થીગૃહ (વીએલવીજી), ઘાટકોપર પશ્ચિમ, મુંબઈ ખાતે યોજાઈ હતી. તમામ

**સોનલ આર્ટ(થાણા)** શાંતિભાઈ : 99678 41792

બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે. સાચી જરીની જુની સાડીઓ વેંચી તથા જુની સાડીઓને ઓલ્ટર કરી આપવામાં આવશે

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

સભ્યોની ઉત્સાહપૂર્વક હાજરી સાથે વિવિધ વિષયો ઉપર ચર્ચા તથા નિર્ણય લેવાયા.

**કેડીઓ યંગ બ્રિગેડ બીએફએફ બીટ્સ નાઈટ**

કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ પ્રેરિત કેડીઓ યંગ બ્રિગેડ પ્રસ્તુત બીએફએફ નાઈટ્સનું ઓગસ્ટ ૨, ૨૦૨૫ના રોજ ભાંડુપના મેવાડ કેસરી હોલમાં આયોજન થઈ રહ્યું છે.

જ્ઞાતિના ૧૮ થી ૩૮ વર્ષના યુવાઓ માટે ફ્રેન્ડશીપ ડેના ડીજે નાઈટનું આયોજન છે. જેમાં રવા-ચેમ્બુરના ઉદય લાપસિયા ડીજે હશે. પ્રવેશ નોન રિફંડેબલ રૂા.૩૦૦/- રજિસ્ટ્રેશન સંપર્ક : ૯૨૨૩૫૫૫૨૮૮/ ૮૨૯૧૪૫૨૬૭૨૦૧, ૭૩૮૭૨૨૩૯૬૬, ૯૬૧૯૫૭૫૨૪૬.

**કોઈમ્બતૂર સંઘનો સોળ ઉધ્ધાર કાર્યક્રમ**

કોઈમ્બતૂર સંઘ દ્વારા તા. ૬.૭.૨૫ના રોજ પ.પૂ.સા. હર્ષનિધીશ્રી મ.સા.ની નિશ્રામાં શત્રુંજયગિરીરાજના ૧૬ ઉદ્ધાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**હેમાંગભાઈ કચ્છી મિત્ર મંડળના પ્રમુખપદે**

વરાડીયાના હૈદરાબાદ નિવાસી હેમાંગ મણીકાંત મોમાયા કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદના પ્રમુખ અને બાંધકામ સમિતીના સંચાલક પદે ચૂંટાઈ આવ્યા છે. એમના ઉપરાંત રાપર ગઢવારીના લહેરચંદ ટોકરશી લોડાયા સહકોષાધ્યક્ષ નિમાયા છે. જ્યારે બાંઢિયાના રિદ્ધિશભાઈ રમેશ જાગીરદાર કારોબારી સભ્ય ચૂંટાયા છે. શાંતિવન સમિતીના સંચાલક સુથરીના હંસકુમાર રાયચંદ સાયલા નીમાયા છે.

**સંઘ સ્થવીરા મહોદયશ્રીજી મ.સા.**

સંઘ સ્થવીરા પ.પૂ. સાધ્વી મહોદયશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૬૬મા વર્ષમાં પ્રવેશ. મત્થેણ વંદામી.

**જય લોડાયા સીએફએ (લેવલ-૨)**

રવાના ચેંબૂર નિવાસી જય કલ્પેશ મહેન્દ્ર લોડાયા તાજેતરમાં સીએફએ (ચાર્ટર્ડ ફાઈનાન્સીયલ એકાઉન્ટેન્સી) લેવલ-૨માં પ્રથમ પ્રયાસે સફળ થયા છે. તેઓ બિટ્સ પીલાનીથી બી.ઈ.કેમ અને માઈનર ફાઈનાન્સ ડીગ્રી ધરાવે છે.

**લોકેશ ધરમશી એમ. ફાર્મા પાસ થયા**

સુથરીના ધુળે (ધુલિયા) નિવાસી લોકેશ શીતલ પરેશ ધરમશી (ભાટે) એમ. ફાર્મા (માસ્ટર ઓફ ફાર્મસી) જેવી મહત્ત્વપૂર્ણ ડીગ્રી હાંસલ કરી છે.

**કેશવજી નાયક ફુવારાનું પુનઃનિર્માણ**

મુંબઈના મસ્જીદબંદર ભાતબજારમાં શેઠ કેશવજી નાયક દ્વારા બંધાવેલા ફુવારાનું મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પુનઃનિર્માણ હાથ ધરાયું છે. જે વિશે ટાઈમ્સ ઓફ ઈંડિયાના તા. ૧૦.૭.૨૫ના અંકમાં લેખ પ્રસિદ્ધ થયો છે.

**મુંબઈ મહાજન 'રાઈટ મેચ' સમિતી**

કદઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને તેના નેજા હેઠળ ચાલતી રાઈટ મેચ સમિતી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે જ્ઞાતિમાંથી જ યોગ્ય જીવનસાથી મળી રહે તે માટે પ્રયત્નશીલ છે.

આ સમસ્યા માત્ર આપણી જ્ઞાતિની નહીં પણ અન્ય જૈન ફિરકાઓમાં પણ છે. આ વિષયના સંદર્ભમાં વેલસાઈટ શરૂ કરવામાં આવી છે. જેમાં હાલ આઠ ફિરકા સામેલ છે અને વધુ ફિરકાઓનો સાથ મેળવવા પ્રયાસ થઈ રહ્યો છે. વેબસાઈટ : https://jainmarriagemisson.com.

આ મિશનમાં કચ્છના આઠ જૈન ફિરકા સામેલ છે જે પૈકી દરેક ઈચ્છુકને વેબસાઈટ લિંક પર ફોર્મ ભરવાનું રહેશે.

**આ.ભ. કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની રજતતુલા**

રજત વર્ષીતપ આરાધક જખૌ રત્ન પ.પૂ.આ.ભ. કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશના પાવન પ્રસંગે અચલગચ્છ જૈન સંઘ મુલુંડમાં મહારાજાસાહેબની રજત તુલા કરવામાં આવી હતી. જેનું માપ ૬૯ કિલોગ્રામ થતા જખૌના અ.સૌ. ગીતાબેન પરેશભાઈ લોડાયા પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો.

# મારી મમ્મી

વારે વારે પડી જવું એ મારા કર્મોનું ફળ હશે પણ દરવખતે મને ટેકો આપી ઊભી કરી ચાલતા શીખવાડી વહાલ કરતી એ મારી મમ્મી...

નાનપણમાં ખૂબ પડી,વાગ્યું હતું ,પડ્યા હતા ઉઝરડા ભલે કારણ હતું મારું અલ્હડપણ, મારી મસ્તી, પણ વાગે મને અને પીડા થાય મમ્મીને, મારા જખમ પર મરહમ લગાડનાર હતી મારી મમ્મી...

પૌષ્ટિક આહાર છોડી જંક ફૂડ ખાવું એ હતી મારી જીભની કમજોરી પણ મને સ્વસ્થની સમજ સાથે મારા શરીરની તંદુરસ્તી જાળવનારી હતી મારી મમ્મી...

શાળા દરમ્યાન ભણતરમાં મારી નબળાઈ મારી મજબૂરી હશે પણ, સાદી ભાષામાં ભણતર સાથે ગણતર શીખવનાર મારી મમ્મી...

ઘડી ઘડી ભૂલો કરવાની મારી ભૂલ હશે પણ હંમેશા મારી ભૂલો સુધારી રસ્તો બતાવવાનું કામ કરતી મારી મમ્મી...

મારી નિષ્ફળતા પર રોવું મારી કમી હશે પણ આ મારી નિષ્ફળતાને સફળતા બનાવી આંસુ પોછતી મારી મમ્મી...

મારા નકારાત્મક વિચારો મારી કમી હશે પણ મારા વિચારો ને હકારાત્મક બનાવનાર મારી મમ્મી...

ઘણી વખત નિરાશાઓથી ખોટા નિર્ણયો લેવા મારી ભૂલ પણ નિરાશા દૂર કરી આશાનું કિરણ દેખાળનાર મારી મમ્મી...

દુઃખ અને વેદનાનું કારણ મારી નિયતિ હશે પણ દરેક વખતે સાચું માર્ગદર્શન આપી દુખ વેદના હળવી કરનારી મારી મમ્મી...

જાણતા અજાણતાં ખોટા રસ્તે ભટકી જતી પણ હાથ પકડી સાચો માર્ગ દેખાડનાર હતી મારી મમ્મી...

ખોટા નિર્ણય, ખોટી જીદથી હાથે કરી થઈ દુઃખી પણ પ્રેમથી, લાગણીથી સમજાવી મારા ખોટા નિર્યણને બદલવા સાથ આપતી મારી મમ્મી...

ભલે આજે મારી સાથે સાક્ષાત નથી, પણ જીવનના હરેક તબક્કે મારી સાથે, મારી બાજુમાં આજે પણ ઊભી છે મારી મમ્મી...

**કહે કનુ અરિહંતને,**
**જેટલો આભાર માનું એટલો ઓછો છે તારો,**
**દુનિયામાં મારી મમ્મી જેવો નથી કોઈ સહારો.**
**સૌથી સરસ મા છે તેં આપી,**
**હર જનમમાં આજ મા માગું એજ અરજી છે મારી...**
**તારી નાનકડી કનુ**



**– કનકબેન જયેશ અજાણી, કોઠારા**
**(માટુંગા)**

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**


MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**Full પૈસા વસુલ Offer**
**જો આયેગા વો પાયેગા**
**નહીં આયેગા વો પછતાયેગા**

- હેન્ડ પારસી ગારા સાડી, દુપટ્ટા
- મશીન પારસી સાડી, કુર્તી, દુપટ્ટા, Stoll, બોર્ડર.
- Party Wear Saree.
- રંગબેરંગી બાંધણી, દુપટ્ટા
- કોટન કોટા વીવીંગ તથા એમ્બ્રોયડરી સાડી.
- દાદી-નાનીને પ્રસંગમાં પહેરવા લાઈટ વેઈટ સાડી.
- પ્લેન પોતમાં (અનેક વેરાયટી)
- ફેન્સી મસલીન કોટન પ્રીન્ટેડ કુર્તી સેટ (3 pcs, 2 pcs, A/c જેવી ઠંક આપે તેવું મટીરીયલ)
- દરેક જાતનું એમ્બ્રોયડરી વર્ક તમારી પસંદગી મુજબ સાડી-ચણીયાચોળી, ડ્રેસ, ઓલ્ટ્રેશન.

**SPL OFFER :** ફક્ત સાચી જરીની સાડી, ચણીયાચોળી, ઘરચોળા, બોર્ડર, બ્લા, સેલા, ચંદરવા, પોડીયા, બજાર કરતાં વધારે ભાવથી વેંચવા જુની અને જાણીતી દુકાન.
**રોકડા રૂપિયા-સંતોષકારક વળતર-તરત જ ફાઈનલ**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91 3714 6272 / 96195 54801**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ



# વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### ગણિત ગૌરવ ચાંદની ઠક્કર

આપણા વડવાઓ ભણ્યા ઓછું પણ ગણ્યા વધુ. હિસાબની ગણતરીમાં કેલ્ક્યુલેટરની જરૂર ન પડે એ વારસાઈ હોંશિયારી ચાંદની રાજેશભાઈ ઠક્કરે પુરવાર કરી છે. ચાંદનીબેન એક જ વર્ષમાં ત્રેવડી સિદ્ધિ અંકે કરી છે.

કેલિફોર્નિયા યૂનીમાં ભૂમિતી સંબંધિત વિષયાંતર્ગત સમસ્યાઓ અને લંબગોળ સંબંધિત સમસ્યા વિષય માટે સમર સ્કૂલમાં ભારતમાંથી પસંદ થયેલી એકમાત્ર રીસર્ચ સ્કોલર ચાંદની ઠક્કર હતી.

બીજી તક ફિનલેન્ડિની યુવાક્યુલા યુની.માં મળી, ત્રીજી તક ઈન્વર્સ પ્રોબ્લેમ ઈન્ટરનેશનલ એસો. દ્વારા બ્રાઝીલની રીયો-ડી-જેનેરામાં આયોજિત કોન્ફરેન્સમાં રીસર્ચ વ્યાખ્યાન માટે પસંદ થઈ છે. ચાંદની આદિપુરની કૉલેજમાંથી સ્નાતક થઈ છે. ત્યારબાદ આઈઆઈટી ગાંધીનગરથી સુવર્ણચંદ્રક અનુસ્નાતક ડીગ્રી અને પ્રાઈમ મીનીસ્ટર રિસર્ચ ફેલોશીપ પ્રાપ્ત ચાંદની ઠક્કરના પિતા પ્રો. રાજેશ ઠક્કર તોલાણી કોલેજના ગણિત વિભાગના વડા અને દાદા માંડવી કોલેજના નિવૃત્ત આચાર્ય પ્રો. એસ. કે. ઠક્કરની પરંપરા આગળ ધપાવવાનો ઈરાદો ધરાવે છે. માતા રેખાબેન ઠક્કર પણ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ફરજ બજાવે છે.

### જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નિમાયા વી. કે. હુંબલ

કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતીના પ્રમુખ પદે પક્ષના જૂના આગેવાન વી. કે. હુંબલની નિમણુંક કરવામાં આવી છે. વી. કે. હુંબલ હાલ પ્રદેશ મહામંત્રી છે. અંજાર તાલુકાના ભીમાસરના વતની હુંબલ અગાઉ ૬ વર્ષ પ્રમુખ રહી ચૂક્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં ૪ વાર ઝંપલાવ્યું હતું પણ સફળતા ન મળી.

### દેશી ગૌવંશ યુનિવર્સિટી

ગોવંશ સેવામાં પ્રવૃત્ત અજરામર ટ્રસ્ટે દેશની સર્વ પ્રથમ ગૌવંશ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. એના પ્રથમ કુલગુરૂ હિતેશભાઈ જાની નિયુક્ત થયા છે.

યુનિવર્સિટીના માધ્યમથી ગૌવંશ સેવામાં સંલગ્ન સંસ્થાઓ વિષયના નિષ્ણાંત કાર્યકર્તાઓ, સાધનો, ઉપયોગિતા બાબત તાલિમ આપવામાં આવશે. એ સિવાય પરિસંવાદ તાલિમ કેમ્પ વગેરેનું આયોજન કરશે.

### કચ્છી રાજગોર સમાજ (પૂર્વ કચ્છ)

કચ્છી રાજગોર સમાજ પૂર્વ કચ્છની સંયુક્ત બેઠકમાં પહેલી જ વાર આયોજિત થનારા સમુહલગ્ન અને સરસ્વતી સન્માન કાર્યક્રમની ચર્ચા હાથ ધરવામાં આવી હતી. સમાજના પ્રમુખ હીરાલાલભાઈ ગોરે કચ્છમાં વૈદિક પરંપરા મુજબ આયોજિત થનારા સમુહલગ્ન ફેબ્રુઆરી ૨૦૨૬માં યોજવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

### તેરા હેરિટેજ ડેવલપમેન્ટ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નિર્દેશથી તેરા હેરિટેજ વિલેજમાં પર્યટન સંબંધી સવલતો ઉભી કરવા માટે આયોજન કરવા ટેન્ડર મંગાવાયા છે.

### ગુંદિયાળી હોમિયોપેથી કોલેજ-હોસ્પિટલ

માંડવી તાલુકાના ગુંદિયાળી ખાતે ઘાટકોપરના માતુશ્રી કેસરબેન મેઘજી શીવજી મોતા એજ્યુકેશન ટ્રસ્ટના નેજા હેઠળ કચ્છની પ્રથમ હોમિયોપેથી કોલેજ અને હોસ્પિટલ કોમ્પ્લેક્સનું અષાઢી બીજના દિને ભૂમિપૂજન-શિલાન્યાસ સંપન્ન થયું.

### ગદગના નાયક પાર્શ્વનાથની પ્રતિમા માટે મુકુટ કુંડલ અર્પિત

ગદગ તીર્થ મૂળનાયક પ્રભુ ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા માટે માતુશ્રી સુશીલાબેન રતિલાલ સાવલા તરફથી કેતન રતિલાલ સાવલાના હસ્તે ૧૭૦૦ ગ્રામ પરિમાણના રજત મુકુટ કુંડલ અર્પિત કર્યા છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

## સુપર સ્પાય સિંદૂર હીરો પરાગ જૈન રૉ ના નવા વડા

પંજાબ કેડરના આઈપીએસ અધિકારી પરાગ જૈન રીસર્ચ એન્ડ એનેલિસીસ વિંગના વડા નીમાયા છે.

ગુપ્તચર વર્તુળોમાં સુપર સ્પાય તરીકે જાણીતા પરાગ જૈન ૧૯૮૯માં આઈપીએસ થયા હતા.

પરાગ જૈન માનવ અને ટેક્નોલોજી આધારિત ગુપ્તચરનો વ્યાપક અનુભવ ધરાવે છે. તેમના આ અનુભવનો લાભ ઓરેશન સિંદૂરમાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જે-કેના ત્રાસવાદી અડ્ડાઓ પર સચોટ હુમલા કરવઆમાં મદદ મળી હતી. અગાઉ પંજાબના ખાલિસ્તાની ત્રાસવાદનો મુકાબલો કરવામાં પણ સામલ હતા.

રૉ ના વડા તરીકે પસંદગી થઈ ત્યારે તેઓ પંજાબના ડાયરેક્ટર જનરલ ઓફ પોલિસ (ડીજીપી) પદે હતા.

